(શરૂ–૦૪:૨૧, પુર્ણ– )



**સોગંદ આપ્યા.....**

ફરીયાદી કાર્તીકભાઈ પ્રવિણભાઈ સરસાવડીયા ની આંક–૪ ની સરતપાસ લગત બચાવપક્ષે તરફે ઉલટ તપાસ વિ. વ.શ્રી એમ.એમ.વાઘેલા.

(૧) મે બીસીએ સુધીનો અભ્યાસ કરેલો છે. મારો પીજી (પેઈંગ ગેસ્ટ) નો ધંધો છે. હું આ ધંધો સુભાષ ચોક મેમનગર, અમદાવાદ ખાતે કરુ છુ. હું પીજીમા સોળ વ્યકતીઓને રાખુ છુ. હું પીજીમા અલગ અલગ વ્યકતીઓ પાસેથી તેઓને આપવામા આવતી ફેસેલીટી મુજબ અલગ અલગ ભાડુ લઉ છુ. મારે માસીક આવક ચોકકસ નકકી હોતી નથી. સાહેદ સ્વેચ્છાએ જણાવે છે કે તે પીજીમા રહેતા વ્યકતીઓની સંખ્યા પર નીર્ભર કરે છે. હું પીજી ચલાવવા અંગેના તમામ નીયમો અનુસરીને પાસ પરમીટ મેળવીને તેના તમામ રજીસ્ટરો નીભાવુ છુ. એ વાત ખરી છે કે મે આવા દસ્તાવેજી પુરાવાઓ આ કામે રજુ રાખેલ નથી.
(૨) સુજલભાઈ મારે ત્યાં પીજીમા ૨૦૨૪મા એક વર્ષ સુધી રહેલા. એ વાત ખરી છે કે હું તે રીતે સુજલભાઈને ઓળખુ છુ. તે વખતે શની પરીખ, વિવેક, સુજલ બદાળા, રાહીલ સંઘી વિગેરે પેઈંગ ગેસ્ટમા રહેતા હતા. હું સુજલભાઈ પાસેથી આઠ હજાર રૂપીયા મહીને ભાડુ લેતો હતો. સાહેદ સ્વેચ્છાએ જણાવે છે કે સુજલભાઈ પાસે પૈસા ન હોવાથી તે ભાડુ આપતા ન હતા. મે હાલની ફરીયાદ વાંચેલ છે. મે મારી ફરીયાદમા સુજલભાઈ મારી પાસેથી નાણા લઈ જતા હતા અને તેમની પાસે સગવડ થતી ત્યારે પાછા આપી જતા હતા, તેમ જણાવે છે તે ખરુ જણાવેલ છે. એ વાત ખરી નથી કે મારી ફરીયાદમા જણાવ્યા મુજબ તા.૧૦/૦૧/૨૪નારોજ સુજલભાઈને નાણાકીય જરૂરીયાત ઉદભવેલ નહી અને રકમ જોઈએ છે તેવુ પણ જણાવેલ નથી. એ વાત ખરી છે કે મારી ફરીયાદમા સુજલભાઈએ મને જે મોબાઈલ નંબર પરથી ફોન કરીને નાણા ઉછીના માગેલા તે મોબાઈલ નંબર મે આ ફરીયાદમા લખેલ નથી. એ વાત ખરી નથી કે તેવા કોઈ નંબર પર નાણાની માગણી પણ કરેલ નથી. એ વાત ખરી છે કે મે હાથ ઉછીની રકમ આપ્યા અંગેનુ કોઈ લખાણ સુજલભાઈ પાસેથી લીધેલ નથી. એ વાત ખરી નથી કે સરા રોડ ઉપર વૈદ્યનાથ મંદિર પાસેની જગ્યા પર બોલાવેલ હોય અને રૂપીયા પાંચ લાખ આપેલ હોય તેવુ બનેલ નથી.
સવાલ:– સુજલભાઈએ તમારા ખાતામા ઘણા બધા રૂપીયા જમા કરાવેલ છે?
જવાબ:– સુજલભાઈ પૈસા લઈ જતા હતા અને તે લીધેલ પૈસા મારા ખાતામા જમા કરાવતા હતા.
એ વાત ખરી નથી કે જે વખતે સુજલભાઈ પેઈંગ ગેસ્ટ તરીકે અમારે ત્યા પીજીમા રહેતા હતા ત્યારે મે તેમના થેલામા સહી કરેલ ચેક પડેલ હતો તે મે લઈ લીધેલો અને ખોટી વિગતો ભરી અને હાલની ખોટી ફરીયાદ દાખલ કરેલ છે. મને એ વાતની ખબર નથી કે તે અંગે સુજલભાઈએ સ્ટોપ પેમેન્ટ પણ કરાવેલ. એ વાત ખરી નથી કે તા.૨૫/૦૬/૨૫નારોજ જણાવેલ કે તમોથી જે થાય તે કરી લેવુ અને કહેલ કે મારુ કોઈ કાઈ કરી શકે તેમ નથી અને હવે પછી અમોને કોઈ ફોન કે કોઈ કોન્ટેકટ કરવો નહી નહીતર જોવા જેવી થશે, આમ અમોને સામાવાળા દ્વારા અપમાનીત કરેલ અને ધમકી આપેલાનુ બનેલ નથી. એ વાત ખરી નથી કે ચેકમા લખેલી વિગતો મે મારા હસ્તાક્ષરમા લખેલ છે.
સવાલ:– ચેકમા લખાયેલ વિગતો સુજલભાઈના હસ્તાક્ષરમા લખાયેલ નથી?
જવાબ:– સુજલભાઈએ મને ચેક લાવીને આપેલ છે, કોના અક્ષરોથી લખાવેલ છે તેની મને ખબર નથી.

એડી. ચીફ જ્યુડી.મેજીસ્ટ્રેટ,
હળવદ.

એ વાત ખરી નથી કે આ કામના આરોપીએ મારી પાસેથી હાથ ઉછીની કોઈ રકમ લીધેલ નથી કે મે હાથ ઉછીની કોઈ રકમ આપેલ નથી. એ વાત ખરી નથી કે સુજલભાઈએ રૂબરૂ કોઈ ચેક આપેલ નથી. એ વાત ખરી નથી કે હું હાલની ફરીયાદની રકમ સુજલભાઈ પાસેથી મેળવવા હકકદાર નથી. એ વાત ખરી નથી કે સોગંદ ઉપર ખોટી જુબાની આપુ છુ. એ વાત ખરી નથી કે આરોપીએ કહેવાતો કોઈ ગુનો કરેલ ન હોવા છતા હું સોગંદ ઉપર ખોટી જુબાની આપુ છુ.

(૩)

ફેર તપાસ નથી.

**સ્થળ:– હળવદ.**

**તારીખ:– ૦૩/૧૨/૨૦૨૫**

સાહેદને જુબાની વાંચી સંભળાવતા તે ખરી હોવાનું કબુલ કરે છે.

મારી રૂબરૂ,

( નિમિષા ગંગારામભાઈ સુરતી)

એડી. ચીફ જયુડી. મેજીસ્ટ્રેટ,હળવદ

એડી. ચીફ જયુડી. મેજીસ્ટ્રેટ,હળવદ